# પ્રાંતિજ તાલુકામાં સાબરમતી નદી બે કાંઠે

### સ્થાનિક તંત્ર દ્વારા નિચાણવાળા વિસ્તારોને એલર્ટ કર્યા : ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને લઈને સાબરમતી નદીમાં નવા નીર આવ્યા : શહેરીજનો નવા નીર જોવા સાબરમતી પુલ ઉપર દોડી આવ્યા





પ્રાંતિજ, તા.૨૩
ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને લઈને સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ સાબરમતી નંદીમાં પાણી છોડવામાં આવતા સાબરમતી નદીમાં નવા નીર આવતાંની સાથે નદી બે કાંઠે વહેતી થઈ હતી. સાબરમતી નદીમાં આવેલા નવા નીર જોવા શહેરીજનો ઉમટી પડયા હતાં.

પ્રાંતિજ તાલુકામાંથી પ્રસાર થતી સાબરમતી નદીમાં ઉપરવાસમાં પડી રહેલ ભારે વરસાદને લઈને સાબરમતી નદીમાં ઉપરથી પાણી છોડવામાં આવતાં એક દિવસ પહેલાં કોરીધાકોર રહેલ સાબરમતી નદીમાં નવા નીર આવતાં બે કાંઠે વહેતી જોવાં મળી હતી તો નદી કાઠે આવેલ ગામો મોરવાડ, નવાપુરા, સાંપડ, ગલતેશ્વર, પોયડા, ઓરાણ, સીતવાડા સહિતના ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યાં હતાં અને નદી કાંઠે પોતાનાં પશુધન લઈને ના જવાની પણ સુચનાઓ આપવામાં આવી હતી. સાબરમતી નદીમાં નવા નીર આવતાં આજુબાજુના ખેડૂતો સહિત પંથકના લોકોમાં ખુશી જોવાં મળી હતી. તો લોકો નવા નીર જોવાં સાદોલીયા ચેક ડેમ સહિત નદી કાંઠે શહેરીજનો દોડી આવ્યાં હતાં.




## ધનસુરામાં ધોધમાર વરસાદ : ૮ ઈંચ વરસાદથી પાણી ભરાયા

ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, ધનસુરામાં ૨૨ તારીખની રાતથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો, ધનસુરામાં ૮ ઈંચ વરસાદ વરસ્યો હતો. ૨૨ ઓગસ્ટના રોજ રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો જેનાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા તેમજ રોડ પર પાણી ભરાયા હતા. રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ધોધમાર વરસાદથી ધનસુરામાં ૮૦ વિઘામાં આવેલ વિશાળ તળાવમાં પાણીની સારી આવક થઈ હતી. ધોધમાર વરસાદથી ધનસુરાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ધનસુરાના જનતાનગર, શક્તિનગરમાં પણ પાણી ભરાયા હતા તેમજ રોડ પર પણ પાણી ભરાયા હતા.ધનસુરા માં આ વર્ષે સારો વરસાદ વરસી રહ્યો છે જેથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

### અરવલ્લી એસપી સંજય ખરાતનો માનવીય અભિગમ

## જીલ્લામાં પાણી ફરી વળેલ ડીપ-કોઝવે પર દુર્ઘટના ન ઘટે તે માટે પોલીસ તૈનાત કરી અવર-જવર પર રોક




ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે અરવલ્લી જીલ્લામાં ઠેરઠેર ભારે વરસાદ ખાબક્યો છે. જીલ્લામાં સાર્વત્રિક વરસાદથી નદી, નાળા, છલકાયા છે જીલ્લાની નદીઓ બે કાંઠે વહેતા અનેક માર્ગોને જોડાતા ડીપ અને કોઝવે પર પાણી ફરી વળતાં ગ્રામ્ય વિસ્તારોનું જનજીવન થંભી ગયું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોથી મુખ્યમાર્ગને જોડાતા ડીપ અને કોઝવે પર પાણી ફરવા છતાં કેટલાક વાહનચાલકો અને રાહદારીઓ જોખમ ખેડાતા હોવાથી દર વર્ષે પાણીમાં વાહનચાલક કે રાહદારી તણાવાની ઘટનાઓમાં જીવ ગુમાવવાની અનેક ઘટનાઓ બનતી હોય છે. સેલ્ફી લેવાના ક્રેઝમાં અને નદી નાળામાં નાહવા જતા લોકોએ પણ જીવ ગુમાવ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાતે જીલ્લાના માર્ગો પર આવેલા નદી-કોઝવે પરથી પાણીનો પ્રવાહ વધતા કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે પોલીસ બંદોબસ્ત સાથે લોકોની અવર-જવર પર પ્રતિબંધ લાદી દીધો છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ચાર્જ સાંભળતાની સાથે જીલ્લામાં અસામાજિક પ્રવૃતિઓ પર બ્રેક લગાવવા કમરકસી છે ત્યારે જીલ્લા એસપીનો માનવીય અભિગમ પણ જોવા મળી રહ્યો છે. હાલ મેઘરાજાની જીલ્લામાં ધુંવાધાર બેટિંગના પગલે ગ્રામ્ય વિસ્તારોને જોડાતા કેટલાક ડીપ અને કોઝવે પર પાણી ફરી વળ્યું છે. વાહનચાલકો અને રાહદારીઓ જોખમી રીતે પસાર થવાનું સાહસ કરી રહ્યા હોવાનું જીલ્લા પોલીસવડાને ધ્યાને આવતાં પાણીથી તરબોળ બનેલ ડીપ, કોઝવે પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે અને ડીપ-કોઝવે પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવતા લોકોએ પોલીસતંત્રની કામગીરીને બિરદાવી હતી.

## દાંતીવાડા ડેમમાં ત્રેવીસ ફૂટ પાણીની આવક

### ઉપરવાસમાં ભારે વરસાદથી પાણીનું વહેણ વધતા વાવધરા ગામે જવા આવવા કલાકો સુધી વાહન વ્યવહાર ઠપ



દાંતીવાડા ડેમની ઉપરવાસમાં ભારે વરસાદ થતાં હાલમાં બનાસ નદી અને બાલારામ નદીના બેય કાંઠે પાણી વહી રહ્યું છે જેથી ડેમમાં પાણીની આવક ખુબજ મોટી માત્રામાં આવી રહી છે. ડેરી ગામે આવેલા હડમતીયા ડેમમાં પ્રથમ પાણી આવતા અડધા જેટલો ભરાયો છે.

જીવાદોરી સામાન બની રહેલા દાંતીવાડા ડેમમા હાલમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને લઈ બનાસ નદી અને બાલારામ નદીમાં પાણીનો પ્રવાહ ખુબજ જોસમાં આવી રહ્યો છે અને તેના લીધે રવિવારના ત્રણ વાગ્યાના સમયે દાંતીવાડા ડેમમાં ૫૫૪.૪૫ ફૂટની સપાટી અને પાણીનો આવરો ૩૪૮૭ ક્યુસેક નોધવામાં આવ્યો છે. જ્યારે સીપુ ડેમમા ૫૭૨.૨૫ ફૂટની સપાટી અને પાણીનો આવરો ૩૨૪ ક્યુસેક નોધાયો છે. જો કે સિપુ ડેમમાં પાણીની ઓછી આવક જોવા મળે છે. દિવસેને દિવસે પાણીની સપાટી વધી રહી છે અને તેના પગલે પાટણ અને બનાસકાંઠાના ખેડૂતોમાં સિંચાઈના પાણી માટે આશા પ્રબળ બની રહી છે. તાલુકાના સ્થાનિક ખેડૂતોને જમીનના પાણીના તળ ઉંડા જવાથી છવાયેલી ચિંતામાં હાલમાં થોડી હળવાશ જોવા મળી રહી છે.

## રામસિંહજી વણઝારાની મિશન સુરક્ષા પરિષદના પ્રદેશ અધ્યક્ષપદે વરણી

તલોદ, તા. ૨૩
સમગ્ર ભારતમાં વૈચારિક અને સામાજિક પરિવર્તન માટે કમર કસી રહેલી સંસ્થા, મિશન સુરક્ષા પરિષદના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ તરીકે સુરક્ષા ક્ષેત્રે અગ્રિમ નામ ધરાવતા ગાંધીનગરના યુવા અગ્રણી રામસિંહજી વણઝારાની વરણી કરવામાં આવી છે. સંસ્થા એસસી, એસટી પ્રકોષ્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ કિરીટરાજ સોલંકી તરફથી પાઠવવામાં આવેલ પત્રમાં આ જાહેરાત કરવામાં આવતા રામસિંહજી વણઝારાને આ જવાબદારી સોંપવામાં આવી છે.

મિશન સુરક્ષા પરિષદ એ બિન રાજકિય સંગઠન ધરાવતી રાષ્ટ્રિય સ્તરની સુરક્ષા છે. લબનટ્રીમાં વડી કચેરી ધરાવતી આ સંસ્થા રાષ્ટ્ર અને રાજ્ય સ્તરે સંવિધાનિક સુરક્ષાના હક્કોનું હનન થતુ હોય એવા સમયે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને કાસીરામજીની વિચારધારાને વરેલી આ સંસ્થા દ્વારા વૈચારિક અને સામાજીક પરિવર્તન માટે કમર કસવામાં આવી છે. આ વિચારધારાને આગળ ધપાવવા અને સુરક્ષાના મિશનને વેગવંતુ બનાવવા માટે આ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશ અધ્યક્ષ તરીકે ગાંધીનગરના યુવા અગ્રણી રામસિંહજી વણઝારાની વરણી કરવામાં આવી છે.

મિશન સુરક્ષા પરિવર્તન આ



વૈચારિક અને સામાજિક પરિવર્તનના આંદોલનને નવી ઊર્જા અને નવા ઉત્સાહ સાથે આગળ ધપાવવા માટે ગુજરાતના પ્રદેશ પ્રભારી અને એસ.એસસી પ્રકોષ્ટના રાષ્ટ્રિય અધ્યક્ષ કિરીટરાજ સોલંકી દ્વારા રામસિંહજી વણઝારાની નિયુક્તનો પ્રસ્થાપિત પત્ર અર્પણ કરતી વેળાએ રામસિંહજી વણઝારાને તેમના ઉજ્જવળ ભવિષ્ય અને મિશન સુરક્ષા પરિષદના સંપૂર્ણ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સુપેર નિભાવવા માટે શુભકામનાઓ પાઠવી હતી.

## દાંતીવાડાના નિલપુરમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરંભાતા પીવાના પાણીના ફાંફા

### જ્યોતિગ્રામ યોજનાના ધજાગરા : કલાકો સુધી વીજપુરવઠો ઠપ

દાંતીવાડા તાલુકાના નિલપુર ગામમાં મોડી રાત્રીથી જ વીજપુરવઠો ઠપ થવા પામ્યો હતો. તેના લીધે સમગ્ર ગામમાં અંધારા સાથે લોકો ગરમીમાં ત્રાહિમામ પોકારી ઊઠયા હતા. જેના પગલે ગામમાં પીવાના પાણીની તંગી ઉભી થવા પામી હતી પરંતુ "રાંડ્યા પછી ડહાપણ" કહેવત મુજબ તંત્ર દ્વારા ફોલ્ટ થયા પછી નડતરરૂપ ઝાડવા કાપવાનુ કામ શરૂ કરાયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના સબસ્ટેશનથી ૫૦૦ મીટરની દુરીએ આવેલ નિલપુર ગામે ધડાકા સાથે વીજપુરવઠો ખોરવાયો હતો જે રાત્રીના ૧૦ વાગ્યાથી દિવસ ભર મળવા પામ્યો ન હતો જેના પગલે અસહ્ય બફારા વચ્ચે આખુંય ગામ શેકાયું હતું. અને ગામમાં પીવાના પાણીની તંગી ઉભી થવા પામી હતી. સરકારની જ્યોતિગ્રામ યોજના ૨ કલાકમાં વીજ પુરવઠો શરૂ કરી દેવાની યોજના છે પરંતુ ગામને કલાકો સુધી વીજપુરવઠો પૂરો પાડવામાં તંત્ર નિષ્ફળ નિવડયું છે.

સમગ્ર વીજ પુરવઠો ઠપ થયા બાદ સવારે ૯ વાગ્યા આજુબાજુના સમયમાં યુ.જી.વી.સી.એલ. સ્ટાફ ગાડી લઈને ગામમાં આવી પહોંચ્યા હતા અને ડીપી ઉપર લાગેલા વીજ



સપ્લાય કેબલ ડેમેજ થતાં નવો નાખ્યો હતો કલાકો સુધી કરેલા કામ બાદ વીજલાઈન શરૂ કરવામાં આવી હતી પરંતુ વીજડિપી બળી ગઈ હોવાની જાણ થઈ હતી અને જે બાદ સ્ટાફ દ્વારા આગળની કામગીરી મુજબ ઓફિસને ડિપી બાબતે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ગામમાં વીજલાઈનને નડતરરૂપ ઝાડવા કાપવાનુ કામ શરૂ કરવામાં આવ્યું હતું.

આ બાબતે કાર્યપાલક ઈજનેરને ટેલિફોનથી વાતચિત કરતા તેઓએ એગ્રિકલચર લાઈનમાં પાંચ જેટલી ડીપીઓ ચડાવવાની વ્યવસ્થા થયા બાદ તે ગામમાં મોડેથી ડીપી લગાડવામાં આવશે તેવું જણાવ્યું હતું. દાંતીવાડા તાલુકાના કાર્યપાલક ઈજનેરે થોડા સમય પૂર્વે જ તાલુકાનો કારોભાર સંભાળ્યો છે ટેલીફોનીક વાતચીતમાં તેઓ જાણે જ્યોતિગ્રામ યોજનાથી અજાણ હોય તેવું લાગ્યું અથવા જવાબદારી ઉપર નિષ્કાળજી દાખવી સરકારની યોજનાના ધજાગરા ઉડાડી લોકોની મુશ્કેલી વધારી રહ્યા હોય તેવુ લોકમુખે સાંભળવા મળી રહ્યું છે.

## અરવલ્લીમાં મેઘતાંડવ : મોડાસા સહીત જીલ્લાના નીચાણવાળા રહેણાંક વિસ્તારો જળબંબાકાર, અમદાવાદ-ઉદેપુર હાઈવે પર પાણી ફરી વળ્યું





સમગ્ર રાજ્યમાં ધમધોકાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં સૌથી વધુ અરવલ્લી જીલ્લામાં મેઘરાજાની ધુંઆધાર બેટીંગ શરૂ કરતાં ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ ભારે વરસાદને લઈ મોડાસા શહેરના જાહેર માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. મોડાસા શહેરની કેદારનાથ સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ફરી વળતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. નગરપાલિકાની અણ આવડતના લીધે અન્ય સોસાયટીના પાણી ભુગર્ભ ગટરમાં જવાનો બદલે બેક મારતા સોસાયટી બેટ વિસ્તારમાં ફેરવાઈ હોવાનો સોશ્યલ મીડિયામાં જાગૃત યુવકોએ ઉભરો ઠાલવ્યો હતો. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક ડુંગરો પરથી પાણી ઉતરતા પાણી ફરી વળતાં વાહનવ્યવહારને ભારે અસર થઈ હતી. શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પણ પાણીથી તરબોળ બન્યો હતો. જીલ્લામાં વહીવટી તંત્ર આફત સામે સજ્જ બન્યું છે, જીલ્લામાં એનડીઆરએફ ટીમ તૈનાત કરી દીધી છે.

અરવલ્લી જીલ્લામાં ભિલોડા તાલુકામાં સતત વરસતા વરસાદે ભારે તબાહી સર્જી છે સતત ત્રીજા દિવસે વરસાદ યથાવત રહેતા ભિલોડાના સાનિધ્ય નગર બંગ્લોઝ, શાંતિનગર, અન્નપુર્ણા સોસાયટી, ગોવિંદનગર, નવા ભવનાથ, મસ્જિદ પાસે ઢીંચણ સુધી પાણી ભરાયા હતા. ભિલોડા પંથકના ૧૦થી વધુ ગામો ભારે વરસાદના પગલે સંપર્ક વિહોણા બન્યા હતા. હાથમતી અને બુઢેલી નદીના કિનારે આવેલ જમીનોનું ધોવાણ થતા ખેડૂતો પાયમાલ બન્યા છે. માર્ગોનું પણ ધોવાણ થતા વાહનચાલકો ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ધનસુરા સહીત સમગ્ર પંથકમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તતરો બેટમાં ફેરવાયા હતા. ધનસુરાની મલપુર ચોકડી નજીકના રહેણાંક વિસ્તારોમાં મકાનોમાં પાણી ઘૂસી જતાં લોકો જીવ બચાવવા ઉંચાણવાળા સ્થળે દોડી ગયા હતા. રહેણાંક મકાનો આગળ બાંધેલ ઢોર-ઢાંખર પાણીમાં ઘરકાવ થઈ જતા ભારે દેકારો મચી ગયો હતો ખેતરોમાં પાણી ફરી વળતા ખેતીને પણ પારાવાર નુકશાન થવાનો ભય પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા હતા.

જીલ્લાના મેઘરજ, માલપુર અને બાયડ પંથકમાં શ્રીકાર વરસાદથી ખેડૂતોમાં આનંદ છવાયો છે. સતત વરસી રહેલા વરસાદથી કુવાના તળ ઊંચે આવ્યા હતા. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક તળાવ છલકાયા હતા તો અન્ય તળાવોમાં નવા નીર આવ્યા છે. જીલ્લાના ડેમમાં પણ પાણીની આવક શરૂ થતા પાણીનું તોળાઈ રહેલ સંકટ ટળ્યુ છે. જીલ્લામાં આવેલ નદીઓમાં ઘોડાપુર આવતા તમામ નદીઓ બે કાંઠે વહેતા લોકો નદીના નીર જોવા ઉમટ્યા હતા.

## અરવલ્લી જિલ્લા ભાજપના નવીન પ્રમુખ કોણ બનશે ?

બાયડ, તા. ૨૩
એક તરફ ગુજરાત પ્રદેશ પ્રમુખની જાહેરાત થયા બાદ હવે ટૂંક સમયમાં અરવલ્લી જિલ્લાના પ્રમુખની જાહેરાત થવાની પ્રબળ શક્યતાઓ વધી હતી.

ગુજરાત રાજ્ય ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે જુનાગઢ પ્રેસ કોન્ફરન્સમાં ટૂંક સમયમાં જિલ્લા ભાજપ પ્રમુખનીજાહેરાતો કરવાનું જણાવ્યું હતું. ત્યારે અરવલ્લી જિલ્લામાં નવા ભાજપ પ્રમુખને લઈ ચર્ચાઓએ જોર પકડ્યું હતું. નવા જિલ્લા પ્રમુખમાં કોને ચાન્સ મળશે તે જોવાનું રહ્યું. અરવલ્લી જિલ્લામાં ચાલતી ચર્ચા મુજબ જિલ્લા ભાજપનો સંગઠન જિલ્લામાં ભાજપને મજબૂત બનાવવા માટે સદંતર નિષ્ફળ નીવડ્યો હતો. અરવલ્લી જિલ્લા ભાજપની દેખરેખ હેઠળ તમામ ચૂંટણીઓમાં ભાજપને હારનો સામનો કરવાનો વારો આવ્યો હતો. થોડા સમય અગાઉ બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપને પછડાટ મળતા જિલ્લા ભાજપના પ્રમુખને ગુજરાત પ્રદેશ સંગઠનને આડે હાથ લીધા હતા. સંગઠનમાં ચાલતી ચર્ચા મુજબ જિલ્લાના ભાજપના કેટલાક હોદ્દેદારોએ કાર્યકરોને અવગણના ભારે પડી ગઈ હતી. બાયડની ચૂંટણી હાર્યા બાદ જિલ્લા સંગઠનની પોલ ખૂલી ગઈ છે. ત્યારે જિલ્લા ભાજપનું સંગઠન નબળું પડતાં કોંગ્રેસ ગેલમાં આવી ગઈ છે. ત્યારે નવીન જિલ્લા પ્રમુખ કોણ બનશે તે ચર્ચાઓએ જોર પકડ્યું હતું.